# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 05.06.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર **નિકિતા શાહ** વાંચે છે.

**************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ગુજરાતના સુરત અને દમણની મુલાકાત લેશે - સુરતમાં અઢાર હજાર આઠસો કરોડ અને દમણમાં બે હજાર 970 કરોડથી વધુના વિકાસકામોનો પ્રારંભ કરાવશે

2) નેપાળના વિદેશ મંત્રી શિશિર ખાનાલ આજથી ત્રણ દિવસ ભારતની મુલાકાતે આવશે

3) ભારત-યુકે વિઝન 2035 સમીક્ષા બેઠકમાં બંને દેશના વિદેશમંત્રીઓએ વિવિધ પહેલોની પ્રગતિની સમીક્ષા કરી

4) રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા આજે તેની દ્વિમાસિક નાણાકીય નીતિ જાહેર કરશે

5) અમદાવાદમાં વિશ્વ યોગાસન ચેમ્પિયનશિપનો પ્રારંભ; પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વિશ્વાસ વ્યક્ત કર્યો કે આ સ્પર્ધા યોગને વૈશ્વિક રમત તરીકે માન્યતા આપશે.

6) અંડર -18 હોકી સેમી ફાઇનલમાં ભારતીય પુરુષ ટીમ પાકિસ્તાન સામે અને મહિલા ટીમ ચીન સામે ટકરાશે

..................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM – VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ગુજરાતના સુરત અને દમણની મુલાકાત લેશે. પ્રધાનમંત્રી રોડ, વીજળી અને ઔદ્યોગિક ક્ષેત્રોમાં 18 હજાર 800 કરોડ રૂપિયાથી વધુના અનેક વિકાસ પ્રોજેક્ટ્સનો શુભારંભ કરશે. શ્રી મોદી સૌપ્રથમ હજીરાની મુલાકાત લેશે અને બપોરે એક વિશાળ જાહેર સભાને સંબોધતા પહેલા નિર્માણધીન ઔદ્યોગિક અને માળખાગત સુવિધાઓની સમીક્ષા કરશે.

બાદમાં, સાંજે દમણની મુલાકાત લેશે જ્યાં તેઓ દમણમાં લગભગ બે હજાર 970 કરોડ રૂપિયાના વિવિધ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરશે.

સાંભળીએ એક અહેવાલ.....

## બાઇટ – અપર્ણા ખૂંટ

# NEPAL-FM-INDIA-VISIT

નેપાળના વિદેશ મંત્રી શિશિર ખાનાલ આજથી ત્રણ દિવસ ભારતની મુલાકાતે આવશે. આ મુલાકાત દરમિયાન, શ્રી ખાનાલ નવી દિલ્હીમાં વિદેશમંત્રી ડૉ. જયશંકર સાથે મુલાકાત કરશે. નેપાળના વિદેશ મંત્રાલયે જણાવ્યું કે, મુલાકાત દરમિયાન બંને દેશો વેપાર, રોકાણ, કનેક્ટિવિટી, ઊર્જા અને લોક સંપર્ક જેવા મુખ્ય ક્ષેત્રોમાં સહયોગ વધારવા સહિત પરસ્પર હિતના મુદ્દાઓ પર ચર્ચા કરશે.

આ મુલાકાત નેપાળ અને ભારત વચ્ચેના સ્થાયી અને બહુપક્ષીય દ્વિપક્ષીય સંબંધોને વધુ મજબૂત બનાવશે.

# JAISHANKAR-UK

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર અને યુકેના વિદેશ સચિવ યવેટ કૂપરે ગઈકાલે નવી દિલ્હીમાં ભારત-યુકે વિઝન 2035ની સમીક્ષા કરવા માટે પ્રથમ વાર્ષિક બેઠક યોજી હતી. બંને નેતાઓએ વિકાસ, ટેકનોલોજી અને નવીનતા, સંરક્ષણ અને સુરક્ષા, આબોહવા અને સ્વચ્છ ઉર્જા અને શિક્ષણ જેવા ક્ષેત્રોમાં ભારત-યુકે વિઝન 2035 હેઠળ થયેલી પ્રગતિની સમીક્ષા કરી હતી.

બંને નેતાઓએ વ્યાપક આર્થિક અને વેપાર કરાર (CETA) દ્વારા રજૂ કરાયેલી તકોનું સ્વાગત કર્યું અને તેને વહેલું અમલમાં મૂકવાની આશા વ્યક્ત કરી. તેમણે ભારત-યુકે ટેકનોલોજી સુરક્ષા પહેલ હેઠળ વિવિધ પહેલોમાં થયેલી પ્રગતિ પર સંતોષ વ્યક્ત કર્યો.

સંરક્ષણ અને સુરક્ષા ક્ષેત્રમાં, બંને દેશો વચ્ચે લશ્કરી પ્રશિક્ષકોના આદાનપ્રદાન સહિત નવી પહેલોનું સ્વાગત કર્યું.

# COMMERCE-US DELEGATION

વેપાર કરારની ચર્ચાઓને આગળ વધારવા માટે અમેરિકી વેપાર પ્રતિનિધિમંડળે ભારતની ચાર દિવસની મુલાકાત પૂર્ણ કરી છે. વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયે જણાવ્યું કે, પ્રતિનિધિમંડળ સાથે માલના વેપાર, નોન-ટેરિફ પગલાં, કસ્ટમ્સ અને વેપાર સુવિધા, આર્થિક સુરક્ષા સંરેખણ અને પરસ્પર હિતના અન્ય ક્ષેત્રો સહિત વિવિધ મુદ્દાઓ પર રચનાત્મક અને સકારાત્મક ચર્ચાઓ થઈ છે.

બંને પક્ષોએ દ્વિપક્ષીય વેપાર અને આર્થિક સંબંધોને મજબૂત બનાવતા પરસ્પર ફાયદાકારક કરાર પૂર્ણ કરવાની તેમની પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટિ આપી છે.

## RS-SEATS

ગુજરાતમાં ખાલી થનારી રાજ્યસભાની ચાર બેઠક માટે ભાજપ દ્વારા ચાર ઉમેદવારના નામ જાહેર કરાયા છે. સત્તાવાર યાદી મુજબ, રાજુ શુક્લા, મુકેશ રાઠવા, માનસિંહ પરમાર અને જિતેન્દ્ર કંજારિયા રાજ્યસભાની ચૂંટણીમાં ભાજપના ઉમેદવાર હશે. ઉમેદવારો આગામી આઠ તારીખ સુધી ઉમેદવારીપત્ર ભરી શકશે.

આ સાથે આંધ્રપ્રદેશમાં NDA ગઠબંધને રાજ્યસભાની ચાર ખાલી બેઠકોમાંથી ત્રણ તેલુગુ દેશમ પાર્ટી (TDP) ને અને એક બેઠક જનસેના પાર્ટીને ફાળવવાનો નિર્ણય લીધો છે.

મુખ્યમંત્રી એન. ચંદ્રબાબુ નાયડુએ ગઈકાલે રાત્રે NDA ગઠબંધન ભાગીદારોની બેઠક બાદ આ નિર્ણયની જાહેરાત કરી હતી. શ્રી નાયડુએ કહ્યું કે, આ નિર્ણય તમામ ગઠબંધન ભાગીદારોની સંમતિથી લેવામાં આવ્યો છે. તેમણે ઉમેર્યું કે, ઉમેદવારોના નામ ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

## RBI-MONETARY POLICY

**રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા આજે તેની દ્વિમાસિક નાણાકીય નીતિ જાહેર કરશે. RBI ગવર્નર સંજય મલ્હોત્રા આજે નાણાકીય નીતિ સમિતિના નિર્ણયો જાહેર કરશે.**

**SBI રિસર્ચ અહેવાલ મુજબ, વધતો ફુગાવો, ક્રૂડ ઓઈલના ભાવ, રૂપિયાના મૂલ્યમાં ઘટાડો અને સંભવિત નબળા ચોમાસા જેવા પડકારોનો સામનો કરવા માટે રેપો રેટમાં વધારો અયોગ્ય રહેશે. અહેવાલ સૂચવે છે કે, રિઝર્વ બેંક બજારની તકલીફને દૂર કરવા અને નાણાકીય સ્થિરતા જાળવવા માટે ટૂંકા ગાળાના વ્યાજ દર અને પ્રવાહિતાના પગલાં અપનાવી શકે છે.**

**પ્રસ્તુત છે એક અહેવાલ......**

**VC- JEEVAN BHAWSAR**

# ENVIRONMENT DAY

આજે વિશ્વ પર્યાવરણ દિવસ છે. દર વર્ષે 5 જૂને વિશ્વ પર્યાવરણ દિવસ ઉજવવામાં આવે છે. તેની શરૂઆત 1973માં સંયુક્ત રાષ્ટ્ર પર્યાવરણ કાર્યક્રમ હેઠળ કરવામાં આવી હતી.

આ દિવસનો હેતુ પૃથ્વી પરના જીવનનું રક્ષણ કરવાનો અને પર્યાવરણીય સંરક્ષણ વિશે જનજાગૃતિ વધારવાનો છે. આ દિવસ પર્યાવરણના રક્ષણ માટે વૈશ્વિક સ્તરે સામૂહિક પ્રયાસોને પ્રોત્સાહન આપે છે.

# PURI-GADKARI-FLEX CAR

કેન્દ્રીય પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રી હરદીપ સિંહ પુરી અને કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ નવી દિલ્હીમાં ભારતની પ્રથમ ફ્લેક્સ-ફ્યુઅલ પેસેન્જર કાર લોન્ચ કરી. તે મારુતિ સુઝુકી દ્વારા બનાવવામાં આવે છે. ફ્લેક્સ-ફ્યુઅલ વાહનો એવા વાહનો છે જે પેટ્રોલ અને ઇથેનોલના વિવિધ મિશ્રણો પર ચાલે છે

શ્રી ગડકરીએ કહ્યું કે, ફ્લેક્સ-ફ્યુઅલથી આશરે 1.5 લાખ કરોડનું વિદેશી હૂંડિયામણ બચી શકે છે.

## BYTE: નીતિન ગડકરી

# PM-YOGASANA-CHAMPIONSHIP

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વિશ્વ યોગાસન ચેમ્પિયનશિપમાં ભાગ લેનારા ખેલાડીઓને પોતપોતાના દેશોમાં આયુષ મંત્રાલયના યોગ 365 અભિયાનના વૈશ્વિક રાજદૂત બનવા હાકલ કરી છે.

ગુજરાતના અમદાવાદમાં ચેમ્પિયનશિપના ઉદ્ઘાટન સમારોહને સંબોધતા શ્રી મોદીએ કહ્યું કે, આયુષ મંત્રાલયે યોગ સાથે જોડાયેલા રહેવા અને સમુદાયોમાં સ્વસ્થ જીવનશૈલીને પ્રોત્સાહન આપવા માટે "યોગ 365" અભિયાન શરૂ કર્યું છે. પ્રધાનમંત્રીએ વિશ્વભરના ખેલાડીઓને ચેમ્પિયનશિપ પછી પણ યોગ વિશે જાગૃતિ ફેલાવવાનું ચાલુ રાખવા વિનંતી કરી.

## BYTE: PM-YOGASANA-OPPORTUNITIES

# HOCKEY-U-18-ASIA-CUP

ભારત આજે પુરુષોની અંડર-૧૮ એશિયા કપ હોકી ટુર્નામેન્ટની સેમિફાઇનલમાં પાકિસ્તાન સામે ટકરાશે. આ મેચ જાપાનના કાકામિગહારા હોકી સ્ટેડિયમ ખાતે આજે ભારતીય સમય મુજબ બપોરે ૩:૩૦ વાગ્યે શરૂ થશે.

ભારતે પૂલ-Aમાં નવ પોઈન્ટ સાથે બીજા સ્થાને રહીને અંતિમ ચારમાં સ્થાન મેળવ્યું છે. આજની મેચની વિજેતા ટીમ ફાઇનલમાં પહોંચશે અને જાપાન અથવા પૂલ-B ની ટોચની ટીમનો સામનો કરશે.

મહિલા અંડર-૧૮ એશિયા કપમાં, ભારત ગ્રુપ સ્ટેજમાં એક પણ મેચ હાર્યા વિના સેમિફાઇનલમાં પહોંચ્યું છે અને મહિલા ટીમ આજે સવારે ૯:૩૦ વાગ્યે ચીન સામે ટકરાશે.

-----------------------------------

## <u>આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે સિમ્પલ ઠક્કર</u>

1. આજના અખબારમાં મિશ્ર હેડલાઇન જોવા મળી છે
2. વરસાદના આગમને વધાવતા.. રાજસ્થાન પત્રિકા મંગલ પ્રવેશ.. સંદેશે આનંદો.. કેરલમમાં ચોમાસનું આગમનને શીર્ષક બનાવ્યું છે, જયારે ગુજરાત સમાચારે યુદ્ધ રોકવા અમેરિકી સંસદની ટ્રમ્પને તાકીદને હેડલાઇન બનાવી છે
3. દિવ્ય ભાસ્કરે ગોલ્ડ કિંગ પર સેબી નો સકંજો**,** 15 લાખ કરોડની કમાણી ફેક નીકળીને મુખ્ય પાન પર છાપ્યા છે સાથે આવરે વરસાદ.. કેરળમાં ચોમાસનું આગમન થયું ના સમાચાર જોવા મળી રહ્યા છે**.**